અપીલ અરજી નં.૩૯૦ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૦૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૭૧ તા. ૧૬–૮–૧૧ના રોજ આપેલ જવાબ ખોટો છે અરજદારને યોગ્ય લાગતો નથી ?અરજદાર જે અરજી કરે છે તે કામ અંગેના ઉચ્ચ અધિકારીને જ કરે છે પરંતુ કામ બાબતની અરજીનો નિકાલ ના થયો હોય તો માહિતી અધિકાર મારફત કરેલ અરજી અંગેની માહિતી, માહિતી–અધિકાર મારફત માંગી શકાય છે માહિતી અધિકારનાં અધિનિયમમાં જોગવાઈ કરેલ છે અરજદારે કરેલ અરજી સુરવાતથી જ રેકર્ડ ઉપર હોય છે, કામ અંગે નિકાલ કેમ નથી થતાં એની જવાબદારી ઝોનલચીફની હોય છે? સંબંધિત ઉચ્ચ અધિકારી ઝોનલચીફ છે કે નથી? એની માહિતી આપો વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૦/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૦૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૭૧ તા. ૧૬–૮–૧૧ ના રોજ આપેલ જવાબ ખોટો છે અરજદારને યોગ્ય લાગતો નથી ? અરજદાર જે અરજી કરે છે તે કામ અંગેના ઉચ્ચ અધિકારીને જ કરે છે, પરંતુ કામ બાબતની અરજીનો નિકાલ ના થયો હોય તો માહિતી અધિકાર મારફત કરેલ અરજી અંગેની માહિતી, માહિતી–અધિકાર મારફત માંગી શકાય છે માહિતી અધિકારનાં અધિનિયમમાં જોગવાઈ કરેલ છે અરજદારે કરેલ અરજી સુરવાતથી જ રેકર્ડ ઉપર હોય છે, કામ અંગે નિકાલ કેમ નથી થતાં એની જવાબદારી ઝોનલચીફની હોય છે ? સંબંધિત ઉચ્ચ અધિકારી ઝોનલચીફ છે કે નથી ? એની માહિતી આપો વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં.ઈઝેડ / આરટીઆઈ/ આ.નં./૫૩૩ તા. ૨૦–૧૦–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૬ તા.૨૧–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને નં.ઈઝેડ/આરટીઆઈ/૩૭૧ તા. ૧૬–૮–૧૧ના રોજ આપેલ પ્રત્યુત્તરની નકલ અપીલ સાથે રજૂ કરેલ ન હોય જે રજૂ કરવા તેમજ વધુમાં આરટીઆઈ કાયદા હેઠળ માહિતી મેળવવાનો સમાવેશ થાય છે. કાર્યવાહી–તકરાર નિવારણ માટે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવી રહે તે પણ જણાવવા તેમજ વધુમાં તમોએ અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીને રજૂ થયેલ અરજીની તારીખ ૨૦–૧૦–૧૧જણાવેલ છે જયારે જાહેર માહિતી અધિકારીના તા.૨૦–૧૦–૧૧ના નિર્ણયથી નારાજ થયાનું જણાવેલ છે જે અંગે મુળ અરજીની નકલ પણ રજૂ કરી સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.ન.૫૩૩ તા.૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની ઝરોક્ષ નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૩૩ તા.૨૦–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૩ તા.૨૦–૧૦–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં અરજદારે તેમની અરજીની તા. ૨૦–૧૦–૧૧ જણાવેલ છે જયારે આપેલી માહિતી અંગે આઈ ડી નં.૫૩૩ તા.૨૦–૧૦–૧૧ ના પત્ર ક્રમાંક જણાવી અપીલ અરજી કરેલ છે. આમ જોતાં સદર પત્ર ક્રમાંક ૫૩૩ તા.૨૦–૧૦–૧૧ ની મુળ અરજી તા.૪–૧૦–૧૧ છે. જેથી તેના આધારે અપીલનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં અરજદારે મુદ્દા નં.૧ માં જણાવેલ વિગતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૭૧ તા.૧૬–૮–૧૧ ની નકલ અરજદાર તરફથી પણ રજૂ થયેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ તે બાબતે કોઈ પ્રકાશ

પાડવામાં આવેલ નથી. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૭૧ તા. ૧૬–૮–૧૧ ના રોજ આપેલ જવાબ ખોટો છે અરજદારને યોગ્ય લાગતો નથી ? અરજદાર જે અરજી કરે છે તે કામ અંગેના ઉચ્ચ અધિકારીને જ કરે છે, પરંતુ કામ બાબતની અરજીનો નિકાલ ના થયો હોય તો માહિતી અધિકાર મારફત કરેલ અરજી અંગેની માહિતી, માહિતી–અધિકાર મારફત માંગી શકાય છે માહિતી અધિકારનાં અધિનિયમમાં જોગવાઈ કરેલ છે અરજદારે કરેલ અરજી સુરવાતથી જ રેકર્ડ ઉપર હોય છે, કામ અંગે નિકાલ કેમ નથી થતાં એની જવાબદારી ઝોનલચીફની હોય છે ? સંબંધિત ઉચ્ચ અધિકારી ઝોનલચીફ છે કે નથી ? એની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમોને વરાછાઝોનના જવાબ ખોટો કે યોગ્ય લાગતો ન હોય તો તમને મળેલા અધિકાર અન્વયે અપીલ સત્તાધિકારીને અપીલ કરી દાદ મેળવી શકો છો. વહીવટી કામગીરી કેમ ના થઈ તે બાબતો રેકર્ડ પર હશે તો જ આપવાની રહે છે તમોને પ્રશ્ન કામ કયારે કરવાના છો? તે બાબત આરટીઆઈ કાયદા સાથે સુસંગત ન હોય આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે કરેલ વર્ણનમાં પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૭૧ તા.૧૬–૮–૧૧ નો પત્ર સામેલ કરેલ નથી આરટીઆઈ ના નિયમ–૬ મુજબ સંદર્ભ પત્રોની વિગતો રજૂ કરવાની રહે છે જે અંગે અત્રેથી અરજદારને મુદ્દા નં.૧ માં કરેલી રજૂઆત બાબતે અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૧૧૬ તા.૨૧–૧૧–૧૧ થી પત્ર પાઠવી અપીલ તબકકે તક આપી સદર પત્ર રજૂ કરવા જણાવેલ પરંતુ અરજદારે અપીલ તબકકે પણ તે અંગે કોઈ વિગતો કે આધાર રજૂ કરેલ નથી. વધુમાં અરજદારની રજૂઆત બાબતે પણ સદર પત્રમાં આરટીઆઈ કાયદા હેઠળ માહિતી મેળવવાનો સમાવેશ થાય છે કાર્યવાહી કે તકરાર નિવારણ માટે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. મુદ્દા નં.(૨) સ્લમ વિસ્તારના કામો જે સબંધિત અધિકારીના કરતા હો તો અરજદાર એ કામ અંગે આરટીઆઈ મારફત કામ કેમ થયું નથી એનો જવાબ માહિતી અધિકારી મારફત માહિતી માંગવાની જોગવાઈ છે. વરાછાઝોનના માહિતી અધિકારીએ એવો જવાબ આપેલ છે તે હાસ્યાસ પદ છે? સ્લમ વિસ્તારના કામો કેમ કરવામાં આવતા નથી કયારે કરવાના છો? વગેરે બાબતોનો જવાબ આપવાની જોગવાઈ નથી? આ જોગવાઈ માહિતી અધિકારીના કયા કાયદાની કલમમાં એનો લેખિતમાં અમોને પુરાવા સાથે ઝેરોક્ષ નકલ સાથે સમય મર્યાદામાં માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. વધુમાં સદર પ્રશ્નમાં કામો કરવામાં આવતા નથી તથા કયારે કરવાના છો? તેવા કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. અરજદાર મુળ અરજીમાં ઉપસ્થિત કરેલ કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરી શકે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,